# સેડ્રા ન્યુઝ બુલેટીન

## એપ્રિલ / મે / જૂન - 2021

जनसेवा में समर्पित

CENTRE FOR EDUCATION DEVELOPMENTAL RESEARCH & ACTION

CEDRA

Public Charitable Trust

સેન્ટર ફોર એજ્યુકેશન ડેવલપમેન્ટલ રીસેર્ચ એન્ડ એકશન (સેડ્રા) છેલ્લાં ૨૬ વષોથી લોકસેવાના કાર્યોમાં પ્રવૃત છે. લગભગ અઢી દાયકાથી વધુ આ સમાજવિકાસ સફર દરમિયાન સેડ્રા સંસ્થાએ અનેક કાર્યક્રમો થકી ૨ લાખથી વધુ લોકોના જીવનમાં સકારાત્મક અસર ઉભી કરી છે. શિક્ષણ, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રકચર તથા લાઈવલી હૂડ જેવા ક્ષેત્રોમાં વિવિધ પ્રોજેક્ટ દ્વારા ગુજરાતના ૨૦૦થી વધુ ગામડા તથા શહેરોમાં લોકોને મદદરૂપ થઇ તેમને આગળ વધવામાં સહાય પૂરી પડે છે.

સેડ્રા સંસ્થા તેના નામ મુજબ રીસર્ચ કે સંસોધન ક્ષેત્રે પણ નોંધપાત્ર કામગીરી કરે છે. બાળકો ના શેક્ષણિક સ્તરમાં સુધારા માટે કે ખેડૂતોના સામાજિક આર્થિક વિકાસમાં યોજનાઓના મહત્વને લઇને કે વિકાસના કામોથી વિસ્થાપિત થતા લોકો પરની અસરો તપાસવા હમેશા સચોટ સંસોધન હાથ ધરે છે માટે જ IIM જેવી ઉત્કૃષ્ઠ સંસ્થા સેડ્રાને સામાજિક સંસોધન ક્ષેત્રે સંપૂર્ણ યોગ્ય સંસ્થા માને છે

૨૬ વર્ષની સફરમાં સેડ્રા સંસ્થાએ અનેક આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા સરકારી એજન્સીઓ સાથે પાર્ટનરશીપ કરીને વિકાસ કર્યો અવિરત રાખ્યા છે જેમાં IIM, HELPAGE INDIA, CRAIN INDIA, QUEST ALLIANCE, BALMER LOWRIE, CARE INTERNATIONAL, SAVE THE CHILDREN, AZIM PREMJI FOUNDATION, GGRC, GEC, GUJARAT WOMEN'S ECONOMIC DEVELOPMENT CORPORATION જેવી અનેક પ્રતિષ્ઠિત એજન્સીઓનો સમાવેશ થાય છે

છેલ્લા ૩ માસ થી સેડ્રા હાલમાં સેડ્રા સ્કીલ ડેવલોપમેન્ટ, મેન્ટલ સપોર્ટ હેલ્પલાઈન તથા ગ્રામ વિકાસના MIL પ્રોજેક્ટ સાથે કાર્યરત છે. સેડ્રા તેની કામગીરીને ત્રિમાસિક ન્યુઝ બુલેટીનના સ્વરૂપ માં અહીં રજૂ કરી રહ્યું છે જેથી વાંચક વર્ગ ને સેડ્રા ના કાર્યક્રમો તથા તેના સમાજ પર થતી અસર વિશે માહિતગાર કરી શકાય.

સેડ્રા દ્વારા આ પ્રથમ ત્રિમાસિક બુલેટીન મુકાઈ રહ્યું છે જે હવેથી દર ૩ મહીને પ્રકાશિત થશે.

CEDRA

પ્રથમ ત્રિમાસિક બુલેટીનમાં સમાવાયેલ કાર્યક્રમો હેલ્થ, એજયુકેશન તથા ગ્રામવિકાસ ને કેન્દ્રિત છે. જેમાં રાહત કાર્ય નો પણ સમાવેશ થાય છે.

## ❖ ત્રણ માસ દરમિયાન કરવામાં આવેલ કાર્યક્રમ:

1. **કોવિડ રિલિફ ( રાહત કાર્ય)**
2. **માસ્ક સેનિટઆઈજર વહેચણી/ કોવિડ જાગ્રુતા**
3. **મીડિયા /ગીતો /એડવેર્ડટઆઈસ દ્વારા જાગૃતિ,**
4. **માનસિક મુશ્કેલીનો સામનો કરવા આસાન હેલ્પ લાઇન**
5. **વર્ચુંયલ સફળતા માટેની આવડતો**
6. **તહેવારોની ઊજવણી - યોગા ડે**
7. **જેન્ડર જાતિ લિંગ**
8. **વાલી સભા /મિટિંગ**
9. **ગ્રામ્ય લેવલ માઈક્રોલેવલ ઇન્ટવેશન કાર્યકમ**
10. **પર્યાવરણ દિવસ**
11. **ગ્રામપંચાયત મદદ**
12. **શાળામાં બોડે પરિક્ષાની તૈયારી માટે પ્રશ્નાવલી/જવાબ બુક પેકટશ**

## ❖ કોવિડ રિલીફ વર્ક :-

છેલ્લા દોઢ વર્ષમાં મહામારીને કારણે લોકો આર્થિક, શારીરિક અને માનસિક રીતે મુશ્કેલીમાં મુકાયા છે. ફેસ-2 વધુ ખતરનાક રહ્યો, ફેસ-2ની પરિસ્થિતિ થોડી શાંત થતાં સેડ્રા સંસ્થા દ્વારા ૧૧૦૦ રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું. અમદાવાદ, સુરત, જામનગર, નડીયાદ, જેવા શહેરો માં કીટ નું વિતરણ કરાયું

| | | |
|---|---|---|
| જેમાં | **૫-કિલો** | **ઘઉંનો લોટ** |
| | **૫-કિલો** | **ચોખા** |
| | **૫૦૦-ગ્રામ** | **તૂવેર દાળ** |
| | **૫૦૦-ગ્રામ** | **તેલ** |
| | **૫૦૦-ગ્રામ** | **ચણા** |
| | **૧-કિલો** | **મીઠું 300-ગ્રામ મરચું, હળદર, ધણાજીરું** |

- ખાસ કરીને આ કીટ વિધવા, ફુટપાથ વાસીઓ, વિધાર્થી મિત્રો, શાક અને ફળની લારી-ગલ્લા વાળા, ઘરેલું કામદારો,સ્થળાંતર કરનાર..... વગેરેનો સંપર્ક કરી ૧૫ દિવસ સુધી રાહત આપી શકે તેવી અનાજ ની કીટ નું વિતરણ કરાયું.
- માસ્ક, સેનિટાઇઝર ની પણ સાથે સાથે વહેંચણી કરી કોવિડ માટે જાગૃતિ ફેલાવામાં આવી.
- કોવિડ જાગૃતિ માટે ગીતો, જાહેરાતો,વિડીઓ, (અવેરનેસ) જાગૃતિ માટે અલગ અલગ પ્રવુતી દ્વારા લોકોને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું
- કોવિડની બીજી લહેરની કપરી પરિસ્થિતી માં લોકો માં માનસિક ડર, અને ભયને દૂર કરવા માટે “આસાન” હેલ્પ લાઇન ચાલુ કરવામાં આવી.














CEDRA

जनसेवा में समर्पित

CENTRE FOR EDUCATION DEVELOPMENTAL RESEARCH & ACTION

CEDRA

Public Charitable Trust










## <u>આસાન હેલ્પલાઈન :</u>


સેડ્રા દ્વારા કોવિડથી અસર પામેલા પરીવારોને રાહત પુરી પાડવા અનાજ કીટ નું વિતરણ કરાવ્યું હતું પરંતુ એવા પણ કેટલાય લોકો છે જેમને માનસીક આઘાત ને લીધે અસલામાંથી નો કે માનસીક મુંઝવણો નો સામનો કરવો પડી રહ્યો છે. સેડ્રા દ્વારા આવા લોકો ને માનસીક રાહત પહોંચાડવા માટે " માનસીક આરોગ્ય સહાય હેલ્પલાઈન ની શરૂઆત કરવામાં આવી છે. જેમાં અસરગ્રસ્ત લોકો ફોને પર યોગ્ય સલાહ સુચન મેળવીને જીવવા પ્રત્યે સકારાત્મક બની શકે છે. આ હેલ્પલાઈન નિશુલ્ક છે અને કાઉનસીલારો હિન્દી, ગુજરાતી તથા ઇંગ્લીશ માં જવાબ આપી શકે છે. આ હેલ્પલાઈન અંતર્ગત જે લોકો ને વધુ કાઉન્સેલીંગ કે સહાય ની જરૂરત હોય તેમને સ્પેશિઅલ કાઉન્સેલીંગતથા ટ્રીટમેન્ટ ની પણ જોગવાઈછે.




## ❖ વર્ચુઅલ માધ્યમ દ્વારા રોજગાર યોગ્યલક્ષી તાલીમ :

છેલ્લા દોઢ વર્ષથી કોવિડમાં lockdown ને કારણે વર્ચુઅલ માધ્યમ દ્વારા રોજગાર યોગ્યલક્ષી તાલીમની વ્યવસ્થા કરવામાં આવી જેમાં કમ્પ્યુટર, લેપટોપ, એન્રોઇડ મોબઇલ અને ટેબ્લેટનો ઉપયોગ કરી તાલીમ મેળવી શકાય છે. આ પરિસ્થિતિમાં લોકો પોતાના સમયનો સદઉપયોગ કરી તાલીમ મેળવી, ખાસ કરી આ સમયમાં એવી બહેનોએ આ તાલીમનો ભાગ લીધેલ છે કે જે સ્થળાંતર કરવા અસમર્થ હતી.

સેડ્રા સંસ્થા દ્વારા ક્વેસ્ટ અલાયન્સના સહયોગથી ફ્રી માં ઘરે બેસીને ઓનલાઈન સ્કિલ ડેવલોપમેન્ટ તેમજ રોજગાર લક્ષી કાર્યક્રમ ચલાવવામાં આવ્યો. જેમાં ૧૮ થી ૩૫ વર્ષ સુધીના ભાઈ – બહેનો જેવા કે ૧૦ ભણેલા / કોલેજ કરતાં / ગૃહિણી બહેનો જેવા વિદ્યાર્થીઓની નિમણૂક કરવામાં આવે છે.સફળતા માટેની આવડતો દ્વારા નબળી પડેલી માનસિક સ્થિતિ સાથે લડવા તેમજ સામનો કરવા હીમત આપે તેવો લાઈફ સ્કિલ નો વિષય, આજના જમાના સાથે પગ માંડવા માટે ટેક્નોલોજિનુ જ્ઞાન આપતો ડિજિટલ લિટરસી વિષય સામાન્ય જ્ઞાનની જરૂરિયાત માટે બેઝીક ઇગ્લીશ, બેઝીક કોમ્પ્યુટર તેમજ રિટેલ મેનેજમેંટ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવે છે.




ટ્રેનીંગ બાદ વિધાર્થીઓને નોકરી અપાવવા માટે ટ્રેનીંગ દરમિયાન વિધાર્થીઓને કઈ રીતે નોકરી કરવી, શું શીખવું , વ્યવહાર જેવી બાબતોનું જ્ઞાન આપવા માટે સ્ટાર બજારેથી કિરણબેન દવે જે એચ.આર ને બોલાવી નોકરી માટેની જાણ કરવામાં આવી " રવિ રંજન " નામે ૨૧ વર્ષીય યુવક જે સાઇકલ લાઈબ્રેરિયન તરીકે જાણીતા યુવાન ને બોલાવી વિધાર્થીઓને પ્રેરણા આપતો પોતાના અનુભવ ની આપ-લે કરી

ટ્રેનિંગ દરમિયાન વાલીમીટિંગ નું આયોજન કરવામાં આવે છે જેથી અમે વાલીઓને તાલીમ વિષેની જાણકારી તેમજ નોકરી પર જવા માટેનું પ્રોત્સાહન/પરવાનગી આપે તેઅર્થે મીટિંગ નું આયોજન કરવામાં આવે છે

ટ્રેનીંગ દરમિયાન આવતા તહેવારોની જુદી જુદી પ્રવૃતિ દ્વારા તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. ગુડ ફ્રાઇડે, મહાવીર જયંતિ, ડૉ. આંબેડકર જયંતિ, યોગા દિવસ જેવા તહેવારોની ઉપયોગિતા કેમ ઉજવામાં આવે તે વાર્તા , ચિત્રો અને કસરતો દ્વારા વિધ્યાર્થીઓ ને જાગૃતતા આપવા માં આવે છે.જુદી જુદી પ્રવૃતિઓ દ્વારા વિધ્યાર્થીઓ અને શિક્ષક ના સંબંધો વધુ નિકટ બને છે.

છેલ્લા ત્રણ માહિનામાં ૧૦૮ વિધાર્થીઓ ને ટ્રેનીંગ આપવામાં આવી તેમજ ૬૦ જેટલા વિધાર્થીઓને નોકરી આપવવામાં આવી. જેમકે રીટેઇલ સેક્ટર, બેક ઓફીસ વર્ક, કોલ સેન્ટર, ફ્રન્ટ ડેસ્કવગેરે.....

ટ્રેનીંગમાં ભાગ લીધેલા વિધાર્થીઓમાંથી ટ્રેનીંગના માર્ગદર્શન બાદ તેમના જીવન માં ઉપયોગ કરી તેમની કારકિર્દી માં સફળતા મળી હોય તેમજ લાઈફમાં ઉપયોગીતા આવી હોય તેવા વિધાર્થીઓની કેસ સ્ટડી તૈયાર કરવામાં આવે છે તેમજ તેમને વિધાર્થીઓ આગળ પોતાના અનુભવોની આપ-લે કરે છે

સ્ત્રી-પુરુષ સમાનતા ઉપર પણ જાગૃતતા આપવામાં આવે છે. તેમજ તેઓને પોતાના ઘર થી જ આની શરૂઆત કરવા માર્ગદર્શન આપવામાં આવે છે

CEDRA

## ❖ ગ્રામવિકાસલક્ષી પ્રવૃતિઓ :

સુરત જીલ્લાના ગ્રામ્ય લેવલ વિસ્તારોમાં ગામના સરપંચ, શિક્ષકો, હેલ્થ સ્ટાફ જેવા વ્યક્તિઓ સાથે સેડ્રા સંસ્થા CAIRN / VEDANTA ના સહયોગથી સરકારની સાથે રહી નાની નાની પ્રવૃતિઓ દ્વારા સહકાર આપવામાં આવે છે.



PHC( પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ) સેન્ટરમાં આરોગ્ય સ્ટાફ ની ઉણપને પહોંચી વળવા સેડ્રા સંસ્થા દ્વારા સેલરી સાથે સ્ટાફની નિમણુક કરવામાં આવી જે દ્વારા આરોગ્ય સેવામાં વધારો થયો તેમજ લાભ પણ વધારે લોકો લઇ શકાયા છે.



પ્રાથમિક શાળામાં ડીજીટલ લક્ષસી જાણકારી માટે સેડ્રા સંસ્થા દ્વારા સેલરી સાથે કમ્પ્યુટર શિક્ષકની નિમણુક કરવામાં આવી.

**પર્યાવરણ દિન**

સેદ્રા સંસ્થા પર્યાવરણ પ્રત્યે સતેજ છે. પર્યાવરણ જતન માટે પણ વૃક્ષારોપણ, શેરી નાટક, ચિત્રકામ, નિબધ સ્પર્ધા,પ્રદશન જેવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે.આ વષે કોવિદ ને કારણ ૫ જુને પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગ રૂપે વૃક્ષારોપણ કરવામાં આવ્યું જેમાં ઓક્ષિજન / કાર્બન ડાઇયોકસાઇડની જાગૃતિ મેળવા માટે તેની શી જરૂરિયાત હોય છે ? ક્યાંથી મળે છે ?તેની માહિતિ આપી ગામની શાળાઓમા હેલ્થ સેન્ટરમાં તેમજ જુદી જુદી જગ્યાઓમાં ૫૦ જેટલા વૃક્ષોનું રોપાણ પણ હાથ ધરવામાં આવ્યું






શાળાઓમાં બોર્ડની પરીક્ષાની તૈયારીના ભાગ રૂપે વિધાર્થીઓને છેલ્લા ૧૦ વર્ષના પ્રશ્નાવલી અને ઉત્તરવહી તૈયાર કરી આપવામાં આવી.

CEDRA

CEDRA
CENTRE FOR EDUCATION DEVELOPMENTAL RESEARCH & ACTION
Public Charitable Trust

## કોવિડ -19 જાગૃતિ અભિયાન



વેદાન્તા લિમિટેડ- કેર્ન ઓઇલ એન્ડ ગેસ અને સેડ્રાએ ગામના સ્થાનિક લોકોને જાગૃત કરવાની યોજના બનાવી છે તેથી અમે સુવાલી ગામમાં માઇક્રો લેવલ હસ્તક્ષેપ પ્રોજેક્ટના સહયોગથી કોવિડ -19 જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. આ જાગૃતિ અભિયાનમાં, સેડ્રાએ સ્થાનિક લોકોને કોવિડ -19 જાગૃતા માટે મફત માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ કર્યું હતું, તેમજ સેડ્રાએ તેમને માસ્ક અને હેન્ડ સેનિટાઈઝરનો વાઈરસથી બચવા અને જીવન બચાવવા માટે એક સરળ, અસરકારક અને સસ્તું માર્ગ તરીકે યોગ્ય ઉપયોગના મહત્વ વિશે જાગૃત કર્યા હતા.





CEDRA

## સાયક્લોન રિલીફ-રાશન કીટ વિતરણ-લંચ (MLI-1)

ચક્રવાત ટૌકટેએ ગુજરાતના ઘણા ગામો અને નગરોને ખરાબ રીતે અસર કરી. સરકારી મશીનરી દ્વારા હજારો લોકોને સલામત વિસ્તારો અથવા આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા. તદનુસાર આહિર સમાજ વાડીમાંના એક આશ્રયસ્થાનને ભોજન માટે રાશનના ટેકાની જરૂર હતી. અમે, વેદાન્તા લિમિટેડ- કેર્ન ઓઇલ એન્ડ ગેસ અને સેડ્રાએ સ્થાનિક લોકોને ટેકો આપવાની યોજના બનાવી. આ કાર્યક્રમ ગામના સરપંચની વિનંતીથી Sodexo સંસ્થાના સહયોગથી કરવામાં આવ્યો હતો. કેર્ન ઓઇલ એન્ડ ગેસ દ્વારા ગોઠવાયેલ રાશન (અનાજ, કઠોળ, મસાલા, ખાદ્ય તેલ અને શાકભાજી વગેરે) દ્વારા આશ્રયસ્થાનમાં રહેતા 250 થી વધુ લોકો માટે લંચ (બપોરનું ભોજન) નું ધ્યાન રાખી શકાય છે.




CENTRE FOR EDUCATION DEVELOPMENTAL RESEARCH & ACTION
CEDRA
Public Charitable Trust

## સેડ્રા ઓક્સિજન સેવા - કોવિડ -19-મફત ઓક્સિજન કન્સેન્ટરેટર સપોર્ટ

કોવિડ -19 સમગ્ર વિશ્વમાં ફેલાયેલ છે. અમે, વેદાન્તા લિમિટેડ- કેર્ન ઓઇલ એન્ડ ગેસ અને સેડ્રાએ સુવાલી ગામ અને નજીકના ગામોના સ્થાનિક લોકોને સુરક્ષિત રાખવાની યોજના બનાવી છે. વાઇરસથી બચાવવા માટે સમુદાયો વચ્ચે મફત માસ્ક અને સેનિટાઇઝર્સનું વિતરણ કરવામાં આવ્યું.

COVID-19ની બીજી લહેર દરમિયાન આપણે બધા એ જોયુ છે કે હોસ્પિટલોમાં ઓક્સિજનની તીવ્ર અછત હતી અને ઓક્સિજનની અછત અને અનઉપલબ્ધતાને કારણે ઘણા લોકોએ જીવ ગુમાવ્યા હતા.






આ સમસ્યા અને ગ્રામ પંચાયતની વિનંતીને ધ્યાનમાં લેતા, સેડ્રાએ ગામ માટે ઓક્સિજન કોન્સન્ટ્રેટરની ગોઠવવાનું નક્કી કર્યું, જેથી આવી સુવિધાઓ ડોકટરોને 3જી તરંગ આવે તો લોકોના જીવ બચાવવામાં મદદ કરશે.

જેથી સેડ્રાએ 5 લિટર પ્રતિ મિનિટ અને 90% શુદ્ધ ઓક્સિજન ઉત્પાદન ક્ષમતા ધરાવતા 2 ઓક્સિજન મશીન ખરીદી કરવામાં આવી હતી. આ ઓક્સિજન કોન્સન્ટ્રેટર્સની સેવા ગ્રામજનોને વિનામૂલ્યે ઉપલબ્ધ છે. વ્યવસ્થા હેઠળ, CIDRA પ્રોજેક્ટ કોઓર્ડિનેટર અને PHC દ્વારા CAIRN દ્વારા ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન સમુદાય માટે ઉપલબ્ધ કરાવાશે જેથી જાળવણી અને અન્ય બાબતોનું ધ્યાન રાખવામાં આવે અને મશીનનો વધુ ઉત્પાદક રીતે ઉપયોગ થાય.

जनसेवा में समर्पित

CENTRE FOR EDUCATION DEVELOPMENTAL RESEARCH & ACTION

**CEDRA**

Public Charitable Trust

## સેડ્રા પાર્ટનર્સ : **ક્વેસ્ટ અલાયન્સ / કેન- વેદાંતા / અઝીમપ્રેમજી**

**આ ત્રિમાસિક ગાળા માં સેડ્રા એ હાથ ધરેલા કાર્યક્રમોમાં Quest Alliance, Vedanta, તથા Azim Premji Foundation જેવા ઓર્ગેનાઈઝેશનસ નો સહયોગ સાંપડ્યો હતો. આ તમામ વિકાસલક્ષી થતા ચેરીટેબલ કાર્યક્રમો કોર્પોરેટ સોસીઅલ રિસ્પોન્સબિલીટી (CSR) હેઠળ આયોજીત કાર્ય હતા.**

**વધારે માહિતિ માટે નીચેની વેબસાઈટ જુઓ :**

**www.cedra.in**

..........................................................................................................................

ખાનગી સરકયુલેશન માટે

CEDRA